બાલાસિનોરમાં રોડ સેફ્ટી અને ટ્રાફિકની ગંભીર સમસ્યાના કાયમી ઉકેલ માટે વહીવટી તંત્ર 'એક્શન મોડ'માં આવ્યું

બાલાસિનોરમાં બુલડોઝર ફર્યું : ૨૦૦થી વધુ કાચા-પાકા દબાણોનો સફાયો કરાયો

સેવાલિયા-વીરપુર રોડ પર એક કિલોમીટર સુધી મેગા ડિમોલિશન કરાયું

(પ્રતિનિધિ) બાલાસિનોર તા.૧૯

બાલાસિનોર શહેરમાં વર્ષોથી વકરેલી ટ્રાફિકની સમસ્યા અને માર્ગ સુરક્ષાના જોખમોને ડામવા માટે અંતે વહીવટી તંત્ર દ્વારા લાલ આંખ કરવામાં આવી છે. શહેરમાં ટ્રાફિક નિયમન, રોડ સેફ્ટી અને સ્વચ્છતા સુનિશ્ચિત કરવાના કડક નિર્ધાર સાથે હાથ ધરાયેલી મેગા દબાણ હટાવો ઝુંબેશ અંતર્ગત સેવાલિયા-વીરપુર મુખ્ય માર્ગ પરથી ૨૦૦થી વધુ કાચા અને પાકા દબાણોનો લોથ પોથ બોલાવી દેવામાં આવ્યો છે. આ કામગીરીને પગલે વર્ષોથી ફૂલીફાલેલા દબાણકારોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

તસવીરઃ ધર્મિષ્ઠાબા કે. ઝાલા

બાલાસિનોરમાં પ્રાંત અધિકારી, મામલતદાર અને ચીફ ઓફિસરના સીધા માર્ગદર્શન હેઠળ વિવિધ વિભાગોના સંયુક્ત ઉપક્રમે આ ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું. સેવાલિયા - બાલાસિનોર - વીરપુર મુખ્ય માર્ગના બંને તરફના દબાણો હટાવી રસ્તાને શ્વાસ લેતો કરવામાં આવ્યો છે. આ ઝુંબેશના પ્રથમ તબક્કામાં અંદાજે એક કિલોમીટરના વિસ્તારમાં માર્ગ અવરોધક બાંધકામો જમીનદોસ્ત કરવામાં આવ્યા હતા.

આ મેગા ડિમોલિશનને સફળ બનાવવા માટે તાલુકા વહીવટી તંત્રની સાથે બાલાસિનોર નગરપાલિકા, પોલીસ તંત્ર, માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ) તેમજ મધ્ય ગુજરાત વીજ કંપનીની ટીમોએ સ્થળ પર રહીને સુચારૂ કામગીરી હાથ ધરી હતી. કોઈપણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે દબાણો દૂર કરવાની પ્રક્રિયા હાથ ધરાઈ હતી.

અન્ય વિસ્તારોમાં પણ બુલડોઝર ગુંજશે

બાલાસિનોર પ્રાંત અધિકારીએ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપતા જણાવ્યું હતું કે, આ માત્ર શરૂઆત છે. શહેરમાં રોડ સેફ્ટી અને સ્વચ્છતા જાળવવા માટે આ ખાસ ડ્રાઇવનું આયોજન કરાયું છે. આગામી દિવસોમાં શહેરના અન્ય વિસ્તારોમાં પણ આ ઝુંબેશ સતત કાર્યરત રહેશે, જેથી ટ્રાફિકની સમસ્યાનું કાયમી નિરાકરણ લાવી શકાય. વહીવટી તંત્રની આ આક્રમક કામગીરીથી સામાન્ય નાગરિકોમાં રાહતની લાગણી જોવા મળી રહી છે, જ્યારે માર્ગો રોકીને બેઠેલા તત્વોમાં ફફડાટ ફેલાયો છે.

કપડવંજ પાલિકાના વોર્ડ નં-૨માં રોડની બિસ્માર હાલત છતાં મરામત માટે તંત્રની નિષ્ક્રિયતા સામે સ્થાનિકોમાં રોષ

કપડવંજ નગરપાલિકાના વોર્ડ નંબર બે અને ઘાંચીબરી રોડની હાલત અત્યંત બદ્તર બની છે. ભંગાર રસ્તાઓને કારણે વાહનચાલકો અને શાળાએ જતા નાના બાળકોને ભારે મુશ્કેલી વેઠવી પડે છે. વારંવાર રજૂઆત કરવા છતાં નગરપાલિકા દ્વારા કોઈ નક્કર પગલાં લેવામાં ન આવતા સ્થાનિકોએ આક્ષેપ કર્યા છે. જનતાની હાલાકી દૂર કરવા વહેલી તકે રોડનું સમારકામ હાથ ધરવામાં આવે તેવી માંગ ઉઠી છે. **તસવીર : હરિશ જોષી**

કુદરતી નિકાલ અવરોધાતા ખેતી અને રહેણાંક વિસ્તારોમાં પાણી ઘૂસવાની દહેશત

માતરના ત્રણ ગામમાં ગૌચર-કાંસ પર દબાણ : જળબંબાકારનો ભય

સ્થાનિક યુવાનોને રોજગારી આપવામાં પણ કંપનીઓનો ઠેંગો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૯

માતર તાલુકાના વિરોજા, અંબાલીપુરા અને જામડા ગામમાં ખાનગી કંપનીઓ દ્વારા કરવામાં આવેલા ગેરકાયદેસર દબાણોને કારણે ગંભીર સ્થિતિ સર્જાઈ છે. કુદરતી કાંસ (વરસાદી નાળા) અને ગૌચરની જમીનો પર માટી પુરાણ અને વાડબંધી કરી દેવામાં આવતા ચોમાસામાં ભયંકર જળભરાવનો ખતરો ઉભો થયો છે. આ મામલે માતર તાલુકા પંચાયતના સદસ્ય જશવંતસિંહ પરમાર દ્વારા જિલ્લા કલેક્ટર અને ઉચ્ચ અધિકારીઓને આવેદનપત્ર પાઠવી તાત્કાલિક પગલાં લેવા માંગણી કરવામાં આવી છે.

અહેવાલ મુજબ, વર્ષો જૂના વરસાદી પાણીના નિકાલના માર્ગોમાં કંપનીઓએ દીવાલો ચણી દીધી છે, જેના કારણે પાણી ગામની શેરીઓ અને ખેતરોમાં ફરી વળવાની પૂરેપૂરી શક્યતા છે. જો વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક માપણી કરાવીને આ દબાણો દૂર કરવામાં નહીં આવે, તો ખેતીની જમીન અને રસ્તાઓને ભારે નુકસાન થવાની દહેશત ખેડૂતો વ્યક્ત કરી રહ્યા છે.

સોલાર કંપનીની દીવાલથી પાકને નુકસાન

સ્થાનિક આગેવાનો લગધીરભાઈ અને કાનાભાઈ ભરવાડના જણાવ્યા મુજબ, સોલાર કંપનીઓએ ઉભી કરેલી વિશાળ દીવાલોને કારણે ખેતરોનું પાણી રોકાઈ ગયું છે, જેનાથી આર્થિક નુકસાન થઈ રહ્યું છે. જો આગામી ૧૦ દિવસમાં પાણીના નિકાલ માટે રસ્તો ખુલ્લો કરવામાં નહીં આવે તો આગામી સમયમાં ઉચ્ચ સ્તરે ઉગ્ર આંદોલન કરવાની ચીમકી આપવામાં આવી છે.

આણંદમાં વાહનોના નંબરો માટે ઓનલાઈન હરાજી થશે

એઆરટીઓ. દ્વારા ૨૦મીથી રજીસ્ટ્રેશન પ્રક્રિયાનો પ્રારંભ

(પ્રતિનિધિ) આણંદ તા.૧૯

આણંદ જિલ્લાના વાહન માલિકો માટે તેમના મનપસંદ નંબર મેળવવાની સુવર્ણ તક આવી છે. એઆરટીઓ કચેરી આણંદ દ્વારા વિવિધ વાહન શ્રેણીઓના પસંદગીના નંબરો માટે ઓનલાઈન ઈ-હરાજી (Re-auction) પ્રક્રિયા શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે. આ હરાજીમાં ટુ-વ્હીલર, ફોર-વ્હીલર અને ટ્રાન્સપોર્ટ વાહનોની વિવિધ નવી સીરીઝનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આણંદમાં વાહનોની ઈ-હરાજીમાં બાઈક માટે GJ-23-EA થી EM સુધીની અને એલએમવી માટે GJ-23-CA થી CK સુધીની સીરીઝ જાહેર કરવામાં આવી છે. આ ઉપરાંત થ્રી-વ્હીલર, ટ્રાન્સપોર્ટ અને કન્સ્ટ્રક્શન ઈક્વિપમેન્ટ વાહનો માટે પણ અલગ-અલગ સીરીઝમાં પસંદગીના નંબર ઉપલબ્ધ રહેશે.

આથી, અરજદારોએ પરિવહન વિભાગની વેબસાઈટ પર રજીસ્ટ્રેશન ફી ભરીને પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે. આ હરાજીમાં ભાગ લેવા માટે વાહનના સેલ લેટરની તારીખથી ૬૦ દિવસની અંદરના જ અરજદારો પાત્ર ગણાશે. વધુમાં, વાહન ખરીદીના ૭ દિવસમાં CNA ફોર્મ ભરેલું હોવું ફરજિયાત છે, તેમ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી દ્વારા જણાવવામાં આવ્યું છે. આ હરાજીમાં ઓનલાઈન રજીસ્ટ્રેશન ૨૦મી ઓગસ્ટ (સાંજે ૪:૦૦) થી ૨૨મી ઓગસ્ટ (સાંજે ૪:૦૦) સુધી થશે. જ્યારે ઓનલાઈન બિડિંગ ૨૨મીથી ૨૪મી ઓગસ્ટ (સાંજે ૪:૦૦) સુધી રહેશે.

આંકલાવમાં બાળકો સહિત ૧૦થી વધુ લોકો બીમાર

આંકલાવ નગરમાં દૂષિત પાણીથી ઝાડા-ઉલટીના વાવરથી દોડધામ

વારંવાર રજૂઆત છતાં પગલાં ન ભરાતાં આખરે પાલિકાએ તપાસ હાથ ધરી

(પ્રતિનિધિ) આંકલાવ, તા.૧૯

આંકલાવ શહેરના ઠાકોર ફળિયામાં છેલ્લા દસેક દિવસથી દૂષિત અને ગંદુ પાણી આવતું હોવાના સ્થાનિકોના આક્ષેપ વચ્ચે વિસ્તારમાં ઝાડા-ઉલટીના કેસો નોંધાયા છે. દૂષિત પાણીના કારણે બાળકો સહિત ૧૦થી વધુ લોકો બીમારીની ઝપેટમાં આવ્યા હોવાના કારણે સ્થાનિક વિસ્તારમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, ઠાકોર ફળિયામાં છેલ્લા કેટલાક સમયથી પીવાના પાણીમાં ગંદકી ભળી આવવાની સમસ્યા જોવા મળી રહી છે. છેલ્લા દસ દિવસથી સમસ્યા વધુ ગંભીર બની હોવાનું અને પાણી પીવાથી કેટલાક લોકોને ઝાડા-ઉલટી સહિતની તકલીફો ઉભી થઈ છે. ખાસ કરીને બાળકો પણ બીમાર પડતાં વાલીઓમાં ચિંતા વ્યાપી છે.

દૂષિત પાણીની સમસ્યા અંગે વારંવાર રજૂઆતો છતાં યોગ્ય નિરાકરણ ન આવ્યાનો સ્થાનિકોએ રોષ વ્યક્ત કર્યો છે. પાણીની ગુણવત્તા અંગે પણ અનેક સવાલો ઉઠી રહ્યા છે. પાણીની લાઈનમાં ક્યાંક ગટરનું પાણી ભળી રહ્યું હોવાથી તપાસની ઉગ્ર માંગ કરવામાં આવી છે.

જોકે સ્થાનિક રહીશોની રજુઆત ને પગલે નગરપાલિકા તંત્ર હરકતમાં આવ્યું છે. તંત્રના અધિકારીઓ દ્વારા સ્થળ પર મુલાકાત લઈ દૂષિત પાણીના કારણો શોધવા તપાસ હાથ ધરવામાં આવી છે. પાણીના સ્ત્રોત ઉપરાંત પાણીની લાઈનો અને આસપાસના વિસ્તારોની પણ તપાસ કરવામાં આવી રહી છે.

આંકલાવના સ્થાનિક વિસ્તારમાં રહેતા લોકોએ તંત્રને દૂષિત પાણીની સમસ્યાનું તાત્કાલિક નિરાકરણ લાવી સ્વચ્છ અને શુદ્ધ પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવા માંગ કરી છે.

આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

વસો કોલેજ ખાતે NSS અને એનસીસી વિભાગ દ્વારા ભવ્ય 'તિરંગા યાત્રા' યોજાઈ

વસો | વસોની આર્ટ્સ અને કોમર્સ કોલેજમાં દેશભક્તિ અને રાષ્ટ્રપ્રેમની ભાવના જગાડવા NSS-NCC વિભાગ દ્વારા તિરંગા યાત્રાનું વિશેષ આયોજન કરાયું હતું. આ યાત્રામાં વિદ્યાર્થીઓ અને કેડેટ્સે હાથમાં ત્રિરંગો ધારણ કરી દેશભક્તિના ગગનભેદી નારા લગાવી સમગ્ર વાતાવરણને દેશભક્તિમય બનાવી દીધું હતું. આચાર્ય ડો. પંકજ પટેલે ત્રિરંગાને રાષ્ટ્રની એકતા અને ગૌરવનું પ્રતીક ગણાવી યુવાનોને રાષ્ટ્રનિર્માણની પ્રવૃત્તિઓમાં જોડાવા આહવાન કર્યું હતું. અત્યંત ઉત્સાહ અને શિસ્તબદ્ધ રીતે યોજાયેલી આ યાત્રાએ સમાજમાં રાષ્ટ્રીય એકતા, અખંડિતતા અને દેશ પ્રત્યેની જવાબદારીનો સુંદર સંદેશ આપ્યો હતો.

નડિયાદના સક્ષમ થેરાપી સેન્ટરમાં વિશેષ બાળકો દ્વારા સ્વાતંત્ર્ય પર્વની શાનદાર ઉજવણી

નડિયાદ | નડિયાદના સક્ષમ થેરાપી સેન્ટર ખાતે વિશેષ જરૂરિયાત ધરાવતા બાળકો દ્વારા દેશભક્તિના માહોલમાં ૧૫મી ઓગસ્ટની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરાઇ હતી. કાર્યક્રમમાં બાળકોએ તિરંગા સાથે પરેડ અને દેશભક્તિ ગીતો પર નૃત્ય પ્રસ્તુત કરી પોતાની સુષુપ્ત શક્તિઓ અને અદભૂત આત્મવિશ્વાસનો પરિચય આપ્યો હતો. ફેન્સી ડ્રેસમાં બાળકોએ ગાંધીજી, સરદાર પટેલ અને ભગતસિંહ જેવા ક્રાંતિકારીઓની વેશભૂષા ધારણ કરી સૌના દિલ જીતી લીધા હતા. આયોજનનો મુખ્ય હેતુ આવા બાળકોને સમાજમાં સમાન તક અને પોતાની પ્રતિભા રજૂ કરવા માટે યોગ્ય મંચ પૂરો પાડવાનો હતો.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

આણંદના ડો. એચ.એમ. પટેલ માર્ગ એસોસિએશન દ્વારા સ્વતંત્રતા પર્વની ગૌરવભેર ઉજવણી કરાઇ

આણંદ | આણંદમાં ડો. એચ.એમ. પટેલ માર્ગ એસોસિએશન દ્વારા ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી અંતર્ગત વરિષ્ઠ નાગરિક રજનીભાઈ પંડ્યાના હસ્તે ધ્વજવંદન કરી તિરંગાને સલામી આપવામાં આવી હતી. આ અવસરે એનસીસીના સુબેદાર મેજર, જવાનો તેમજ હરીશભાઈ બ્રહ્મભટ્ટ અને ઇન્ફ્લુએન્સર પ્રેમલ પટેલનું શાલ ઓઢાડીને વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન સ્વાતંત્ર્ય સેનાનીઓને યાદ કરી પૂર્વ મંત્રી ડો. એચ.એમ. પટેલની પ્રતિમાને સૂતરની આંટી અને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. હેમંતભાઈ ઠાકર અને અન્ય અગ્રણીઓના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં સ્થાનિક રહીશો મોટી સંખ્યામાં દેશભક્તિના રંગે રંગાયા હતાં.

બાકરોલ સ્થિત ચરોતર ગેસ આઈટીઆઈનું સો ટકા ઝળહળતું પરિણામ

આણંદ | યુનિટી ફાઉન્ડેશન સંચાલિત ચરોતર ગેસ આઈ.ટી.આઈ., બાકરોલના તમામ વિદ્યાર્થીઓએ ચાલુ વર્ષે ૧૦૦% પરિણામ મેળવી સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. સંસ્થામાં ફિટર, ઇલેક્ટ્રિશિયન અને સોલાર ટેકનિશિયન જેવા વિવિધ NCVT અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓને ગુણવત્તાસભર કૌશલ્યલક્ષી તાલીમ આપવામાં આવે છે. આ સિદ્ધિ બદલ સંસ્થાના માનદ મંત્રી હસમુખભાઈ પટેલ અને પ્રિન્સિપાલ વિશાલભાઈ સુથાર સહિતના સ્ટાફ દ્વારા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. યુનિટી ફાઉન્ડેશનના ટ્રસ્ટીઓએ પણ તમામ સફળ વિદ્યાર્થીઓને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે હાર્દિક શુભેચ્છાઓ પાઠવી છે.

વડતાલ ધામમાં સ્વાતંત્ર્ય પર્વની શાનદાર ઉજવણી નિમિત્તે નિવૃત્ત જવાનોનું કરાયું સન્માન

આણંદ | અક્ષરધામ તુલ્ય વડતાલ ધામમાં ૮૦મા સ્વાતંત્ર્ય દિનની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવી હતી, જેમાં મંદિરના પટાંગણમાં ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ભારતીય લશ્કરના ચાર નિવૃત્ત જવાનોની વિશેષ ઉપસ્થિતિ વચ્ચે પૂજ્ય લાલજી સૌરભ પ્રસાદજી મહારાજ અને સંતોના હસ્તે રાષ્ટ્રધ્વજ લહેરાવી સલામી અપાઈ હતી. આ કાર્યક્રમમાં આણંદ સેતુ ટ્રસ્ટના દિવ્યાંગ બાળકોએ રાષ્ટ્રગીત રજૂ કરી ઉપસ્થિત સૌને ભાવવિભોર કર્યા હતા અને ક્રાંતિકારી શહીદોના બલિદાનને યાદ કરવામાં આવ્યું હતું. મંદિરના દેવોને ત્રિરંગાના શણગાર સજાવવામાં આવ્યા હતા અને સમગ્ર પરિસર તથા ઐતિહાસિક સભામંડપને રાષ્ટ્રધ્વજથી દેશભક્તિના રંગે સુશોભિત કરાયું હતું.

બેંક ઓફ ઇન્ડિયાના મેનેજર કિશોર સોનારને 'ચરોતર રત્ન એવોર્ડ ૨૦૨૬' એનાયત કરાયો

આણંદ | વલ્લભ વિદ્યાનગરની જીસેટ કોલેજ ખાતે ૮૦મા સ્વતંત્રતા દિવસની પૂર્વ સંધ્યાએ ભવ્ય સન્માન સમારંભ યોજાયો હતો. સિને મીડિયા ફાઉન્ડેશન અને નમસ્કાર ગુજરાત દૈનિક દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં કિશોર સોનારને પ્રતિષ્ઠિત એવોર્ડ અપાયો હતો. આ પ્રસંગે એસ.પી. યુનિવર્સિટીના વીસી ડો. નિરંજન પટેલ અને કરમસદના સંતો સહિતના મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. સમાજમાં વિશિષ્ટ યોગદાન આપવા બદલ તેમને આણંદ જિલ્લાના આ સૌથી પ્રતિષ્ઠિત એવોર્ડથી નવાજવામાં આવ્યા છે.

બેન્ક ઓફ ઇન્ડિયા ઝોનલ ઓફિસમાં સ્વતંત્રતા દિવસ ધામધૂમથી ઉજવાયો

આણંદ | બેંક ઓફ ઇન્ડિયા વડોદરા ઝોનલ ઓફિસ ખાતે ઝોનલ મેનેજર વિવેક તિવારીના અધ્યક્ષસ્થાને ધ્વજવંદન કરી ૮૦મા સ્વતંત્રતા પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ડેપ્યુટી ઝોનલ મેનેજર નદીમ રિયાઝ અંસારીએ પણ પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું અને મોટી સંખ્યામાં બેંક કર્મચારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉજવણીના ભાગરૂપે બેંક પરિવારના બાળકો દ્વારા રજૂ કરાયેલ વિવિધ રંગારંગ સાંસ્કૃતિક પ્રસ્તુતિઓએ કાર્યક્રમમાં ભારે આકર્ષણ જમાવ્યું હતું.

આણંદ જિલ્લા બાર એસોસિએશન દ્વારા ન્યાયાધીશોનો વિદાય અને સ્વાગત સમારોહ યોજાયો

આણંદ | આણંદની ડી.એન. હાઈસ્કૂલ ખાતે જિલ્લા બાર એસોસિએશન દ્વારા વિદાય લેતા જજ એસ.એલ. ઠક્કર અને એસ.આઈ. ભોરણીયાનો સન્માન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે જિલ્લામાં નવનિયુક્ત ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ જયેશ મહેતા સહિત વિવિધ તાલુકાઓના નવા ન્યાયાધીશશ્રીઓનું પણ ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. બાર એસોસિએશનના પ્રમુખ આર.ટી. શાહ અને હોદ્દેદારોએ ન્યાયાધીશોને સ્મૃતિચિહ્ન અર્પણ કરી તેમની ન્યાયિક નિષ્ઠા અને વકીલમંડળ સાથેના સૌહાર્દપૂર્ણ સંબંધોને બિરદાવ્યા હતા. આ મોટી સંખ્યામાં વકીલોની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં બાર અને બેન્ચ વચ્ચેના પરસ્પર સહકાર દ્વારા ન્યાયિક વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી.

કપડવંજ દશા પોરવાડ જ્ઞાતિ મંડળો દ્વારા દેશના સ્વાતંત્ર્ય પર્વની ભવ્ય ઉજવણી કરાઇ

કપડવંજ | કપડવંજ દશા પોરવાડ મિત્ર મંડળ અને મહિલા મંડળ દ્વારા જ્ઞાતિ પંચની વાડીમાં પ્રમુખ કીર્તન પરીખના હસ્તે ધ્વજ વંદન કરી દેશભક્તિ સાથે આઝાદી પર્વ મનાવાયું હતું. આ પ્રસંગે મંત્રી ધર્મેશ પરીખે સમાજની એકતા પર ભાર મૂક્યો હતો, જ્યારે અનન્યા દેસાઈએ 'આઈ લવ માય ઈન્ડિયા' ગીત પર નૃત્ય રજૂ કરી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા વિવિધ હોદ્દેદારો અને મહિલા મંડળના સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી અને રાષ્ટ્રભક્તિના ગીતોની રમઝટ જામી હતી. અંતમાં રાષ્ટ્રગીત બાદ મુંબઈ સ્થિત કોકીલાબેન દેસાઈ પરિવારના સૌજન્યથી આયોજિત ભોજન સમારંભ સાથે કાર્યક્રમનું ઉત્સાહભેર સમાપન થયું હતું.

કપડવંજની સંકલ્પ નર્સિંગ કોલેજમાં 'નશામુક્ત ભારત' અભિયાન હેઠળ વિદ્યાર્થીઓએ લીધા સંકલ્પ

કપડવંજ | ભારત સરકારના ૧૦ કરોડ યુવાઓને નશામુક્ત કરવાના રાષ્ટ્રીય અભિયાન અંતર્ગત કપડવંજની સંકલ્પ કોલેજ ઓફ નર્સિંગ ખાતે બ્રહ્માકુમારી સંસ્થા દ્વારા વિશેષ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. આ પ્રસંગે સેવાકેન્દ્ર સંચાલિકા બી.કે. માલા બહેન અને બી.કે. પૂજા બહેને આગામી રક્ષાબંધન પર્વ નિમિત્તે આશીર્વાદ પાઠવી વ્યસનમુક્તિનો પવિત્ર સંદેશ આપ્યો હતો. આ સંસ્થાના ચેરમેન નયનભાઈ પટેલે બ્રહ્માકુમારી સંસ્થાનો આભાર વ્યક્ત કરી વિદ્યાર્થીઓને વ્યસન છોડી જીવનની નવી અને સ્વસ્થ શરૂઆત કરવા માટે પ્રોત્સાહન પૂરું પાડ્યું. આ કાર્યક્રમ દરમિયાન નર્સિંગના વિદ્યાર્થીઓએ નશામુક્ત સમાજના નિર્માણ માટે અભૂતપૂર્વ સંકલ્પ લીધા હતા, જે યુવા પેઢી માટે પ્રેરણારૂપ બનશે.

રઘવાણજ ગ્રામ પંચાયત
જાહેર નિવિદા

આથી રસ ધરાવતા ઈસમોને જણાવવાનું કે, મોજે રઘવાણજ તા. માતર જિ. ખેડા ગામે આવેલ જુની ગ્રામ પંચાયતનું મકાન જર્જરીત હાલતમાં હોઈ જેને તોડવા માટેની જાહેર હરાજી તા. ૨૫-૦૮-૨૦૨૬ને મંગળવારે બપોરે ૧૨-૩૦ કલાકે ગ્રામ પંચાયત રઘવાણજ મુકામે રાખેલ હોઈ હરાજીની તમામ શરતો સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે. જર્જરીત જુની ગ્રામ પંચાયત મકાનની અપસેટ કિંમત રૂા. ૬૬૨૫/- રાખેલ છે.

સરપંચ
રઘવાણજ ગ્રામ પંચાયત
તા. માતર જિ. ખેડા

તલાટી કમ મંત્રી
રઘવાણજ ગ્રામ પંચાયત
તા. માતર જિ. ખેડા